જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૧/૨૦૧૯ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૭/૧૯

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૧૩૨ લીટર દેશી દારૂ, ૩૦૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૩૨૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૬૨ બિયર ટીન, ૧ મોટર સાયકલ, ૨ સ્કૂટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૫,૦૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૮/૧૯

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૫૯/૧૯

**વાડજઃ** પ્રસન્નશ્રી સત્યપ્રકાશ ગુપ્તા (ઉ.વ.૫૩) (રહે.સરબાનગર મંદીરની બાજુમા ફિરોજપુર રોડ લુધીયાણા પંજાબ) એ તા.૦૮/૦૧/૧૯ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧૨/૨૦૧૮ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન જી.એસ.આર.ટી.સી.કોર્પોરેશન રાણીપ ખાતેની ઓફીસમાં પ્રસન્નશ્રી ના ઇ-મેઇલ તથા મોબાઇલ ફોન ઉપર તારક જૈન નામની વ્યક્તિએ જી.એસ.આર.ટી. કોર્પોરેશન લાયઝનિંગ વ્યક્તિ તરીકે ખોટી ઓળખ આપી મોબાઇલ નંબર ૯૦૫૧૯૩૧૫૪૨ અને ૮૩૩૫૮૩૧૯૧૬ થી વાત-ચીત કરી, જી.એસ.આર.ટી કોર્પોરેશન અમદાવાદ વિભાગના ખોટા સ્વીકૃતિ પત્ર બનાવી ખોટા ટેન્ડર બહાર પાડી, ટેન્ડર બાબતે વિશ્વાસમાં લઇ રૂપિયા ૧,૨૫,૦૦૦/- મેળવી લઇ, વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.એ.રાઠવા ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૬૦/૧૯

**ઈસનપુરઃ** કૌશીકભાઇ કિશનજી પ્રજાપતિ (રહે.પ્રસિધ્ધી સોસાયટી, વિશાલનગર ઇસનપુર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૧/૧૯ રાતના ૧૧/૦૦ થી તા.૦૮/૦૧/૧૯ કલાક ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાની જાળીનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૧,૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૬૬,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.જી.માથુકીયા ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૬૧/૧૯</u>**

**એરપોર્ટઃ** વિવેકભાઇ શ્રીરામબિલાસ બંસલ (રહે.પામગ્રીન્સ મકરબા સરખેજ) એ તા.૦૮/૦૧/૧૯ નારોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૧/૧૯ સાજના ૬/૪૫ વાગ્યાના સુમારે અમદાવાદ એરપોર્ટ ખાતે ઇન્ડીગો ફલાઇટની કેબીનમાંથી વિવેકભાઈના સબંધીની પુત્રી સુનિતા લીલા નાઓની બેગ અજાણી વ્યક્તિએ ચોરી કરી લીધી હતી. બેગમાં ૮ થી ૯ જોડી સોનાના કાનના ઝુમકા કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦/-, ચાંદીની મુર્તિ તેમજ ચાંદીનુ સિંહાસન મળી કિમત રૂપિયા ૪૦,૦૦૦/- અને ગોગલ્સ કિમત રૂપિયા ૫૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૩,૪૫,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.સી.રાઠવા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.